# પર્વોના પગલે ફળ-શાકભાજીના ભાવમાં ઉછાળો

## લીલા શાકભાજી અને ફળોના ભાવમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો : ઉપવાસમાં ખવાતા ફળોના ભાવમાં ૨૦ થી ૩૦ રૂપિયાનો વધારો

ગાંધીનગર, તા. ૧૪

ચાતુર્માસ શરૂ થતાં જ શાકભાજી-ફળોના ભાવમાં વધારો થયો છે. ઉપવાસના દિવસોમાં વેપારીઓએ ફળ-ફળાદિ અને શાકભાજીના ભાવોમાં ૩૦ થી ૪૦ રૂપિયાનો વધારો કર્યો છે. મોંઘવારીના ચારેબાજુ મારથી સામાન્ય માણસની હાલત કફોડી બની છે. કઠોળ, લીલા શાકભાજી અને ફળોના ભાવ ઘટવાનું નામ લેતા નથી. સામાન્ય દિવસોમાં રૂપિયા ૨૫ ના ડઝન મળતા કેળાના રૂ. ૫૦ થી ૬૦ થઈ ગયા છે. પપૈયા રૂ. ૪૦ થી ૬૦ જે રૂ. ૩૦ માં મળતા હતા. કોથમીર ૪૦ રૂ.માં મળતી જેનો ભાવ ૧૪૦ રૂ. થઈ ગયો છે. દેશી કાકડીનો ભાવ ૩૦ રૂ. હતો જે વધીને ૧૦૦ રૂ. એ પહોંચ્યો છે. લીલા શાકભાજી, કઠોળના ભાવોમાં કિલોએ રૂ. ૨૦ થી ૩૦નો વધારો થઈ ગયો છે. ઘઉંના ભાવમાં વધારો થતા તેની સીધી અસર દરરોજના ખાવા ઉપર પડી છે. સામાન્ય દિવસોમાં ઘઉંના લોટ રૂ. ૨૮ થી ૩૦ રૂ. કિલો મળતો હતો તે હાલમાં રૂ. ૩૫ થી ૪૦ રૂ. કિલો મળી રહ્યો છે. ફળો-લીલા શાકભાજીના ભાવોમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો નોંધાયો છે. જેમાં ઉપવાસમાં ખવાતા ફળોના ભાવ તો આસમાને પહોંચ્યા છે. ઉપવાસમાં સૌથી વધારે ખવાતા કેળાના ભાવમાં ઉછાળો થયો છે. તેથી મધ્યમ અને ગરીબ વર્ગના માણસો માટે ઉપવાસ કરવો મોંઘી પડી રહ્યું છે. આથી વિશેષ સૂકામેવાના ભાવમાં પણ વધારો થયો છે. એટલે ચાતુર્માસમાં વેપારીઓને નફો જ નફો રહેશે જ્યારે ઉપવાસ કરનારા લોકો માટે બજેટ ખોરવાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. જો કે ગુજરાતીઓ ધાર્મિક રીતરીવાજોમાં માનતા હોવાથી મોંઘવારી હોવા છતાં ઉપવાસ અને અન્ય પર્વોની ઉજવણી નિત્યક્રમે જ કરશે.

શહેરના વેપારીઓ દ્વારા આ ભાવ વધારા વિશે જાણવા મળ્યું હતું કે ચોમાસાની સિઝનમાં દર વર્ષે ભાવ વધારો ઝીંકાય છે તેમ આ વર્ષે પણ ભાવ વધ્યો છે. ઉપરાંત ઉપવાસનો મહિનો હોવાથી ફળોના અને શાકભાજીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

### લીલી શાકભાજી અને ફળોના ભાવ

| નામ | ભાવ |
|---|---|
| નાસપતી | ૧૦૦ રૂ. કિલો |
| સફરજ | ૨૦૦ રૂ. કિલો |
| પપૈયું | ૪૦ થી ૬૦ રૂ. કિલો |
| કેળા | ૫૦-૬૦ રૂ. ડઝન |
| કેરી | ૧૦૦ રૂ. કિલો |
| કોથમીર | ૧૪૦ રૂ. કિલો |
| કાકડી | ૧૦૦ રૂ. કિલો |
| ખીરા કાકડી | ૬૦ રૂ. કિલો |
| ભીંડા | ૬૦ રૂ. કિલો |
| મરચાં | ૮૦ રૂ. કિલો |
| રવૈયાં | ૬૦ રૂ. કિલો |
| કંકોડા | ૧૦૦ રૂ. કિલો |




# શહેરના ગેરેજો અને સર્વિસ સેન્ટરોમાં વાહનોનો ધસારો

## ચોમાસામાં ગાડી લોક, એન્જિન ફેલ, વાયરિંગમાં ડેમેજ, સેલ સ્ટાર્ટ પ્રોબ્લેમ જેવી ફરિયાદો વધી : ખાનગી ગેરેજ અને સર્વિસ સેન્ટરોમાં વાહનો રીપેરીંગ માટે આવતા વેઈટિંગનો માહોલ

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં વરસાદી માહોલ વચ્ચે વાહનચાલકોમાં ભારે હાલાકી જોવા મળી રહી છે. જેમાં વરસાદના કારણે ગાડીઓ અને ટુ-વ્હીલરોને નુકસાન થઈ રહ્યું છે. શહેરના ખાનગી ગેરેજ અને કંપનીના સર્વિસ સેન્ટરો જાણે પાર્કીંગ સ્ટેન્ડ બની ગયા હોય એ પ્રકારની સ્થિતિનું નિર્માણ થયું છે.



વાહનોને વરસાદમાં ભારે નુકસાન થતાં વાહનો રિપેર કરવાના સર્વિસ સેન્ટરો પર વાહનોનો ખડકલો જોવા મળી રહ્યો છે. શહેરમાં કેટલાક વાહનચાલકો માટે તો આખા મહિનાનો પગાર કે કમાણીનો મોટા ભાગનો હિસ્સો વાહનના રિપેરીંગ પાછળ ખર્ચાઈ જશે કારણ કે હાલ સર્વિસ સેન્ટર પર આવી રહેલી ગાડીઓ રૂપિયા ૩ હજારથી લઈને ૧ લાખથી વધારે સુધીનો ખર્ચ માંગી લે એવી સ્થિતિ છે. શહેરમાં વરસાદી માહોલ ઉપરાંત ઠેર ઠેર ખાડાઓમાં વાહનો ફસાઈ જતા વાહનોની હાલત ખરાબ થઈ રહી છે. માર્ગો પર ભરાયેલા પાણીથી પણ વાહનોને નુકસાની નડી રહી છે. તેથી આ દિવસોમાં ગાડીઓ અને ટુ-વ્હીલરો સર્વિસ સેન્ટરોમાં વાહનોનો ધસારો જોવા મળી રહ્યો છે.

સામાન્ય દિવસોમાં ત્રણ થી ચાર જેટલી ગાડીઓ રિપેરીંગ માટે આવતી હોય ત્યાં દૈનિક ૨૦ થી ૩૦ ગાડીઓ રિપેરીંગ માટે આવી રહી છે. ટુ-વ્હીલરોમાં પણ આ જ પરિસ્થિતિ જોવા મળી રહી છે.

કોરોનાકાળ બાદ ગેરેજ અને વાહનોની સર્વિસ સેન્ટરોની શોપમાં કાગડા ઉડતા હતા. જ્યાં આ દિવસોમાં વાહનો રીપેરીંગ માટે આવતા વેપારીઓ પણ વ્યસ્ત જોવા મળી રહ્યા છે. વાહનોના રીપેરીંગમાં વેઈટીંગ ચાલી રહ્યું છે. ઘણા વાહનચાલકો પોતાના ઘરે જ વાહનની સર્વિસ માટે ફોન કરે છે. નુકસાન મોટુ હોય તેવી ગાડીઓ રીપેરિંગમાં આવતા માંડ દિવસની ચાર-પાંચ ગાડીઓ રીપેર કરવામાં આવે છે.

સેક્ટર-૨૧ મહાલક્ષ્મી કાર સર્વિસના માલિકના જણાવ્યા મુજબ સામાન્ય દિવસોમાં જેટલી કાર અને ટુ-વ્હીલર રીપેરીંગ માટે આવતા હતા તેના કરતા ત્રણ ગણા વાહનો આ દિવસોમાં રીપેરીંગ માટે આવે છે. જેમાં ગાડી લોક, એન્જિન ફેલ, વાયરિંગમાં ડેમેજની વધુ ફરિયાદો આવે છે.

- પ્રતિક ઠક્કર
મહાલક્ષ્મી શોપ, સે. ૨૧

# જિલ્લામાં વંદે ગુજરાત વિકાસયાત્રાએ ૧૩૩ ગામોને આવરી લીધા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં 'વંદે ગુજરાત વિકાસયાત્રા' સાચા અર્થમાં વિકાસના ફળ ગામેગામ પહોંચાડનારી યાત્રા બની રહી છે. નવ દિવસમાં બે વિકાસરથે ૩૫ ગામોની યાત્રા કરીને ૧૩૩ ગામોના નાગરિકોને આવરી લીધા છે. વિકાસયાત્રા દરમિયાન અત્યાર સુધીમાં આ ૧૩૩ ગામોમાં રૂ. ૨ કરોડ, ૮૪ લાખના જનસુખાકારીના ૧૪૮ વિકાસકામો લોકોને અર્પણ કરવામાં આવ્યા છે, અને આ ગામોમાં જ ૧૨૬ જેટલા વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૧૩,૦૦૦થી વધુ નાગરિકો 'વંદે ગુજરાત વિકાસયાત્રા'માં સહભાગી થયા છે. ગામેગામ વિકાસરથનું ઉમળકાભેર સ્વાગત થઈ રહ્યું છે. જ્યાં જ્યાં વિકાસયાત્રા જાય છે ત્યાં સ્વચ્છતા ઝુંબેશ, દ્વારા યોગ દ્વારા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિના કાર્યક્રમો અને લોકોના પ્રશ્નોનો ઘર આંગણે ઉકેલ આવે એવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જ્યાં જ્યાં વિકાસરથ જઈ રહ્યો છે, ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા નિરામય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૩ નિરામય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં ૨,૩૩૭ વ્યક્તિઓના આરોગ્યની તપાસ અને જરૂરી સારવાર આપવામાં આવી છે. ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારથી આ જ સુધીમાં ૨૦ વર્ષ દરમિયાન જનતા જનાર્દનના વિશ્વાસથી ગુજરાતે વિકાસની જે હરણફાળ ભરી છે તેની જાહેર જનતાને પ્રતીતિ કરાવવા, સાથોસાથ ઉજ્જવળ આવતીકાલ માટે વિવિધ વિકાસકામોની શરૂઆત કરાવવા 'વંદે ગુજરાત વિકાસયાત્રા' સમગ્ર રાજ્યની સાથો સાથ ગાંધીનગર જિલ્લામાં પણ ફરી રહી છે. તા. ૫ મી જુલાઈથી મોટા ચિલોડા ખાતેથી આરંભાયેલી 'વંદે ગુજરાત વિકાસયાત્રા' અંતર્ગત બે રથ ગાંધીનગરના ચાર તાલુકાઓમાં ગામેગામ ફરી રહ્યા છે. પ્રત્યેક ગામોમાં પ્રદર્શન યોજાય છે, જિલ્લાકક્ષાના અધિકારીઓ ફ્લેગશીપ યોજનાની માહિતી આપે છે, અને લોકોને સ્પર્શતા પ્રશ્નોનુ નિવારણ લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે.

# પૂરથી અસરગ્રસ્તોને તાત્કાલિક વળતર ચૂકવો : ઈસુદાન ગઢવી

ગાંધીનગર, તા.૧૪

આમ આદમી પાર્ટીના નેશનલ જોઈંટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવીએ વિડીયો દ્વારા સરકારનો પ્રિમોન્સુન નિષ્ફળ નિવડ્યો હોવા સાથે ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો કરવા ઉપરાંત 'આપ' પાર્ટી અને જનતા વતી દરેક વર્ગનો મુજબ સર્વે કરી નુકસાન મુજબ ઝડપથી વળતર ચૂકવવા અને રોગચાળો ફેલાય તે પહેલા દવા છંટકાવની કામગીરી હાથ ધરવા સરકારને અપીલ કરી હતી. ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે "તાત્કાલિક ધોરણે અમદાવાદ શહેર હોય કે કોઈ બીજું ગામડું હોય કે બીજા અન્ય વિવિધ વિસ્તાર હોય, જ્યાં પણ વરસાદના કારણે સમસ્યાઓ ઉભી થઈ છે, ઘરવખરીનું નુકસાન થયું છે, ખેતીને નુકસાન થયું છે, એમને વળતર ચૂકવી દેવામાં આવે અને એનો તાત્કલીકે ધોરણે વ્યવસ્થિત સર્વે કરવામાં આવે જેમાં ખેડૂતોનો સર્વે અલગ કરવામાં આવે, ગામડાઓ તથા શહેરોનો સર્વે અલગ કરવામાં આવે. ખેડૂત હોય કે વ્યાપારી વર્ગ હોય, કે પછી ઘર વખરી સાથે ઘર-ગાડીઓને નુકસાન થયું હોય, જેને પણ જેટલું નુકસાન થયું છે.

# એક જ દિવસમાં ગાંધીનગરમાં અધધ.. ૭૦થી વધુ સાપ નિકળ્યાં..!!!

## શનિવારે તા.૧૬મી જુલાઇએ આવતો "વર્લ્ડ સ્નેક ડે" જાણે બે દિવસ પહેલાં જ ઉજવાયો : પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ અને સ્નેક લવર્સ ક્લબ સહિત વિવિધ સ્નેક રેસક્યુઅર્સે દિવસભર દોડીને ૭૨ સાપને સહીસલામત જગ્યાએ છોડ્યાં







ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરને "સાપનું ઘર" પણ કહેવ?ામાં આવે છે કેમકે અહીં અનેક પ્રકારના ઝેરી-બિન ઝેરી તેમજ દુર્લભ પ્રજાતિના સરિસૃપોનો વસવાટ જોવા મળે છે. ચોમાસુ શરૂ થતા જ વરસાદની સાથે જ શહેરમાં રહેણાંક સહિતના વિસ્તારોમાં સાપોનું આવાગમન પણ વધ્યું છે અને માત્ર આજના દિવસે જ શહેરના વિવિધ વિસ્તારમાંથી વિવિધ સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક રીતે કામ કરતાં સ્નેક રેસ્ક્યુઅર્સ દ્વારા મળીને એક જ દિવસમાં અધધ.. કહી શકાય તેટલાં આશરે ૭૦થી વધુ સાપનું રેસક્યું કરાયું હતું.

વિશ્વભરમાં તા.૧૬મી જુલાઈને વર્લ્ડ સ્નેક ડે એટલે કે "વિશ્વ સર્પ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે જેનો ઉદ્દેશ સરિસૃપોના પ્રકૃતિમાં મહત્વ અંગે જાણકારી ફેલાવીને તેમનું જતન કરવા જાગૃતિ પ્રસરાવવા માટેનો છે. જોકે ગાંધીનગરમાં જાણે બે દિવસ અગાઉ વર્લ્ડ સ્નેક ડે ઉજવાયો હોય તેવી સ્થિતિ આજે અનુભવાઈ હતી. આજે શહેરમાં વિવિધ સ્થળેથી આશરે ૭૨ જેટલાં સાપો નીકળવાની ઘટના બની હતી અને જે તમામનું સહીસલામત રીતે રેસક્યુ કરીને તેમને જંગલમાં મુક્ત કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગરમાં આજે અલગ અલગ સંસ્થાઓ અને વોલેન્ટરી કામ કરતા રેસ્ક્યુયર પાસેથી પ્રાપ્ત થયેલા આંકડા પ્રમાણે એક જ દિવસમાં ૭૨ જેટલા સાપોના રેસ્ક્યુ કરાયા હતા જે શહેરમાં કદાચ આજ સુધીના એક જ દિવસમાં ઈતિહાસમાં સૌથી વધુ રેસક્યું હતાં. આ રેસક્યુ કાર્યમાં આજે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના તેજસ રાવલ દ્વારા ૮, અમિત ગોંડ દ્વારા ૧૭, દેવલ ભાવસાર દ્વારા ૧૩, આશુતોષ તિવારી દ્વારા ૩ એમ કુલ ૪૧ રેસ્ક્યું કરાયા હતા જ્યારે સ્નેક લવર ક્લબના કૌશલ સાધુ દ્વારા ૯, પંકજ પરમાર દ્વારા ૬ તથા સુનિલભાઈ અને ગણેભાઈ દ્વારા ૮ એમ કુલ ૨૩ રેસક્યું કરાયાં હતા. આ ઉપરાંત સ્નેક રેસક્યુઅર અજીતભાઈ રાવળ દ્વારા ૭ અને પ્રદિપભાઈ સોલંકી દ્વારા પરોઢિયે ૧ સાપનું રેસ્કયું કરાયું હતું.

સર્પ બાબતે જાણકાર ધર્મેન્દ્ર ત્રિવેદી દ્વારા સાપ નીકળવા પાછળ તથા શું કરવું અને શું ન કરવું તેની માહિતી આપી હતી. તેમને જણાવ્યું હતું કે સાપ તે શિયાળા દરમિયાન હાઈબરનેશ (શિતનિન્દ્રા)ની પ્રક્રિયામાં હોય છે અને ઉનાળા તથા ચોમાસાની ઋતુમા તેમનો મેટીંગ તથા નવા બચ્ચા જન્મવાનો સમય હોય છે. સાપ કોલ્ડ બ્લડ એટલે "શીત રક્ત" ધરાવતી પ્રજાતિ છે જેના કારણે તેને ઠંડી અને ભેજની અસર સૌથી વધુ થાય છે. શિયાળામાં તે ઠંડી બચવા હાઈબરનેશનની પ્રક્રિયા દરમિયાન જમીન નીચે જતા રહે છે. ખોરાકની અને ઊર્જાની જરૂરિયાત સંતોષવા માટે તે ચોમાસા દરમિયાન ભરપૂર પ્રમાણમાં નીકળી આવતા જીવ, જંતુઓ, દેડકા, ઉંદરડા પક્ષીઓના ઈંડા વગેરે જેવી વસ્તુઓ ખાઈને ચરબીના થર જમા કરે છે. જે શિયાળાના ચાર મહિનાના હાઈબરનેશન દરમિયાન તેને ઉર્જા પુરૂ પાડવાનું કામ કરે છે. વધુમા તેમને જણાવ્યું હતું કે સાપ ક્યારેય પણ જાણી જોઈને હુમલો કરતો નથી જો તેની દબાણમાં આવે તો અથવા તો તેને ભાગવાની જગ્યા ન રહે અને એને ખતરો મહેસુસ થાય તેવા કિસ્સામાં જ તે સ્વબચાવમાં કરડે છે. એ સિવાય એ માત્ર ભાગી જવાનું પસંદ કરે છે.

### ચોમાસા દરમિયાન ધ્યાન રાખવા જેવી બાબતો

અંધારી જગ્યા ઉપર હાથ નાંખતા પહેલા એકવાર જોઈ લેવું. ઘાસમાં ચાલવાનું ટાળવું. બહાર બુટ પહેરીને કે સેન્ડલ પહેરીને નીકળવું. રાખવા જો સાપ દેખાતો હોય તો નીચે આપેલા સંપર્ક પર કોન્ટેક્ટ કરવો. અને જો ક્યાંક સર્પ દંશ થાય તો નજીકની સરકારી હોસ્પિટલ પર તરત જ પહોંચી જવું. સાપનો રંગ અને આકાર ધ્યાનથી જુઓ કાંતો તેનો ફોટો સાથે લઈ જવો. ઘણા કિસ્સાઓમાં લોકો સાપથી ડરીને તેને મારી દેતા હોય છે. સાપ પ્રકૃતિની આહાર શૃંખલાનું એક અગત્યનું પાસું હોય. તેનું આપણા વચ્ચે રહેવું પણ જરૂરી છે માટે લોકોને તેને ન મારવા તથા સ્નેક રેસ્કયુ હેલ્પલાઈન નંબર પર કોન્ટેક્ટ કરવા વિનંતી છે.

- ધર્મેન્દ્ર ત્રિવેદી
જાણીતા સર્પ વિદ અને સ્નેક લવર્સ ક્લબના સંચાલક

### સાપને નહીં બચાવીએ તો અનાજ-શાકભાજી પણ નહીં બચે

આપણી ખેતીનો ૨૦ ટકા પાક ઉંદર ખાઈ જાય છે. સર્પનો મુખ્ય ખોરાક ઉંદર છે. પર્યાવરણની સાયકલમાં સર્પ એક અગત્યનો ભાગ છે. ઘણી જગ્યાએ સર્પ દેખાય ત્યાં તેને મારી નાંખવામાં આવે છે. સર્પને બચાવવામાં નહીં આવે તો આવનાર સમયમાં સર્પની વસ્તી ખૂબ ઘટી જશે અને ઉંદરની વસ્તી મોટા પ્રમાણમાં વધી જશે. આમ થવાથી ઉંદર ખેતરોમાં પાકતું અનાજ અને શાકભાજી સફાચટ કરી જશે અને મનુષ્યને જીવન ટકાવી રાખવા માટેનું અનાજ-શાકભાજી પર્યાપ્ત માત્રામાં રહેશે નહીં. સર્પ દેખાય તો સર્પ ઉપર નજર રાખીને તુરંત સર્પ બચાવવા વાળા નિષ્ણાત વ્યક્તિઓનો સંપર્ક કરીને બોલાવી લેવા હિતાવહ છે કે જેઓ પર્યાવરણ બચાવવાની નિઃશુલ્ક સેવા આપવા સદાય તત્પર હોય છે.

- પ્રદિપ સોલંકી
જાણીતા સ્નેક રેસ્કયુઅર

### સાપ દેખાય તો તુરંત જ આ નંબરો પર સંપર્ક કરો

કૌશલભાઈ ૯૯૯૮૦૭૭૭૦૧
અમિતભાઈ ૮૪૦૧૪૮૮૫૮૮
દેવલભાઈ ૯૬૨૪૫૫૨૫૫૫
તેજસભાઈ ૭૯૯૦૩૧૬૯૭૦ (કોલવડા)
અજીતભાઈ ૯૯૯૮૦૦૫૦૦૯
વિવેકભાઈ ૯૮૯૮૮૨૫૬૨૧
ધર્મેન્દ્રભાઈ ૯૯૭૮૪૦૫૯૬૭
અશુતોષભાઈ ૭૪૩૬૦૨૦૧૧૧ (ભાઈજીપુરા)
પ્રદિપભાઈ સોલંકી ૯૮૨૪૨ ૫૬૪૧૦